## ડાયરેક્ટ ❤ સે

વય પ્રમાણે
ત્વચાની કરચલી
ચલાવી લેજો
પણ....
વિચારોને ઈસ્ત્રી
દરરોજ કરજો

## જન્મદિને વધામણી



ચંદ્રકાન્તભાઈ વસંતભાઈ ખરસાણી
જ્યોતિષી
મો. ૬૩૫૪૯ ૪૬૪૫૭



મહંમદસફાન દીવાન

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

## રેલ્વેતંત્ર બનશે પેપરલેસ : તમામ સર્ક્યુલર હવે ડિજિટલ રહેશે

અમદાવાદ, તા.૧૪

કાગળની બચત અને ઝાડની સુરક્ષા માટે રેલ્વેતંત્ર દ્વારા ગુજરાત સહિત દેશનાં રેલવે સ્ટેશન પર ટ્રેનનાં આરક્ષિત ડબાઓ પર રિઝર્વેશન ચાર્ટ ન ચોંટાડવાનાં નિર્ણયને મળેલી સફળતા બાદ હવે રેલ્વેમાં સદંતર કાગળ પ્રથા બંધ કરવામાં આવી રહી છે. રેલ્વે તંત્રએ અમદાવાદ સહિતનાં રાજ્યનાં તમામ ઝોનને આદેશ આપી દીધો છે કે રેલવે દ્વારા ડિપાર્ટમેન્ટમાં થતા તમામ સર્ક્યુલર ફરજિયાત ઓનલાઈન કરવા.

કાગળની બચતનાં ભાગરૂપે રેલવે દ્વારા અમદાવાદ ડિવિઝનમાં દિવાળી અને નવા વર્ષની શુભકામનાઓ પણ મેઈલ અને વોટ્સએપ કે અન્ય માધ્યમથી ડિજિટલાઈઝ કરવામાં આવી છે. રેલ્વેનાં આ નિર્ણયથી અમદાવાદનાં રેલ્વે તંત્રમાં મહિને ૫૦૦૦ જેટલા કાગળની બચત થશે. રેલવેના તમામ સર્ક્યુલર હવે ઈ-ડાક દ્વારા મોકલવામાં આવશે. અધિકારી અને કર્મચારી લોગ ઇન પાસવર્ડ દ્વારા તેને જોઈ શકશે.

રેલ્વેનાં પીઆરઓ પ્રદીપ શર્માએ જણાવ્યું હતું કે કમ્પ્યૂટરમાં હાલમાં માત્ર ફાઈલ જ ચાલે છે તેમાં માત્ર ૧૦ કાગળના પ્રિન્ટિંગની લિમિટ છે. હવે સર્ક્યુલર બંધ ૫૦૦ કાગળનું ૨.૧૮ કિલો વજન થાય છે, છતાં મહિને ૫૦૦૦થી વધુ કાગળની બચત થશે. તેથી મહિને ૧૧ કિલો જેટલા કાગળની બચત થશે.હાલમાં પણ પશ્ચિમ રેલવેના પ્રવાસીઓ માટે અનરિઝર્વ્ડ ટિકિટિંગ સિસ્ટમ (યુટીએસ) મોબાઈલ એપ કાર્યરત છે.

દિવાળીનાં વેકેશન દરમ્યાન હજારો મુસાફરોએ આ એપ દ્વારા ટિકિટ કઢાવી છે, જેનાં કારણે કાગળની બચત થઈ છે. મોબાઈલ પર કઢાવેલી ટિકિટનું પેમેન્ટ રેલવે-વોલેટ મારફતે કરાય છે. તેથી ટીટીઈને પ્રવાસ દરમિયાન માત્ર ડિજિટલ ટિકિટ જ બતાવવાની રહે છે. પ્રવાસીઓએ આર-વોલેટમાં લઘુતમ ૧૦૦ રૂપિયા અને મહત્તમ ૫૦૦૦ રૂપિયાનું બેલેન્સ રાખવું જરૂરી છે.

# સંસ્કાર ગ્રૃપ દ્વારા નૂતન વર્ષની અનોખી ઉજવણી




ગાંધીનગર, તા. ૧૪

સંસ્કાર ગ્રૃપ દ્વારા દિવાલી અને નવ વર્ષની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી હતી.

ગ્રૃપનાં બાળસભ્યોએ સેક્ટર-૭ના જાહેર ઉદ્યાનની સફાઈ કરી હતી. ઉદ્યાનમાં ફેલાયેલા પ્લાસ્ટીકને એકત્ર કરી તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો અને ફૂલછોડને રંગોળીથી સુશોભિત કરવામાં આવ્યા હતા.

નૂતન વર્ષ નિમિત્તે ગ્રૃપના સભ્યો અને વાલીઓએ બાળકોને શુભેચ્છાઓ પાઠવી હતી અને મોં મીઠું કરાવ્યું હતું. રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને રાજ્યપાલ ઓ પી કોહલીની શુભેચ્છા મુલાકાત લઈ બાળકોએ સ્વહસ્તે બનાવેલાં ગ્રીટિંગ્સ કાર્ડ તેમને અર્પણ કર્યાં હતાં.

મુખ્યમંત્રી અને રાજ્યપાલ પોતાની તસવીરવાળાં કાર્ડ જોઈને પ્રભાવિત થયા હતા અને તેમણે બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.

હરિશ વાઘોડિયા, અહેમ શેખ, ઈલાહામ શેખ, વિવેક જોષી, ચાર્વી સોલંકી તેમજ વાલીમિત્રોના મુખ્ય સહયોગથી આ સમગ્ર કાર્યક્રમ સફળ થયો હતો.

### ગાંધીનગરના રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય ખાતે

# રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણીનો આરંભ





ગાંધીનગર, તા. ૧૪

રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે તા. ૧૪ નવેમ્બરથી ૨૦ નવેમ્બર, ૨૦૧૮ દરમિયાન પ્રજાજનો ગ્રંથાલયાભિમુખ બને તે ઉદ્દેશથી 'રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. તા. ૧૪ નવેમ્બરના રોજ પુસ્તક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રંથાલય પરિવારના નિવૃત્ત સભ્ય પીટર એ મેકવાન અને કાંતિભાઈ એ સાધુના વરદ્ હસ્તે પુસ્તક પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રજાજનો, વિદ્યાર્થી વાચકો તથા કર્મચારીઓએ પુસ્તક પ્રદર્શન નિહાળ્યું હતું.

આ સપ્તાહ દરમિયાન મહેંદી હરિફાઈ, ચિત્ર સ્પર્ધા, રંગોળી હરિફાઈ અને સ્પર્ધાત્મક પરીક્ષાના માર્ગદર્શન સંબંધિત અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

ગ્રંથપાલ ડૉ. પંકજ કે ગોસ્વામીએ સૌને પુસ્તકોનું મૂલ્ય અને પુસ્તક વાચનનું જીવનમાં મહત્ત્વ વિશે માહિતગાર કર્યા હતા અને ગ્રંથાલયના કર્મયોગીઓ દ્વારા સૌ પ્રજાજનોને ગ્રંથાલયોની સેવાઓનો અવશ્ય લાભ લેવા વિનંતી કરવામાં આવી છે.

## બીબીએના વિદ્યાર્થીઓ માટે રણોત્સવની ઈન્ટર્નશીપ પૂર્ણ



ગાંધીનગર સ્થિત બી પી કૉલેજ ઑફ એડમિનીસ્ટ્રેશનના વિદ્યાર્થીઓએ કચ્છના સફેદ રણ ખાતે રણોત્સવની ઈન્ટર્નશીપ સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. કચ્છમાં સ્થિત ધોરડો ગામમાં તેમણે વ્હાઈટ રણ રિસોર્ટમાં સફળતાપૂર્વક કામ કર્યું હતું અને ક્રાઉડ મૅનેજમૅન્ટ, સ્ટ્રેસ મૅનેજમૅન્ટ ઍન્ડ ઑપરેશનલ સ્કિલ્સ તેમને શીખવા મળી હતી.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન

## ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશન દ્વારા ૧૬મીએ પૂર્વ વિદ્યાર્થી-સ્નેહમિલન

ગાંધીનગર, તા. ૧૪

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશનની ઍસ ઍસ પટેલ કૉલેજ ઑફ ઍજ્યુકેશન, આર ઍચ પટેલ ઇંગ્લિશ મીડિયમ બીઍડ કૉલેજ અને વકીલ શ્રી ડી ઍચ પટેલ ડિપાર્ટમૅન્ટ ઑફ ઍજ્યુકેશન, સૅક્ટર-૨૩, ગાંધીનગરના પૂર્વ તાલીમાર્થીઓનો નાતો મજબૂત બને તે હેતુથી પૂર્વ તાલીમાર્થીઓ માટે એક સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૧૬ નવેમ્બર ને શુક્રવારના રોજ સર્વ વિદ્યાલય કૅમ્પસ, સૅક્ટર-૨૩માં શેઠ શ્રી ખીમજી વિશરામ હૉલ ખાતે બપોરે ૧.૦૦ કલાકે ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશનનાં ડીન ડૉ. વીણાબેન પટેલના માર્ગદર્શન હેઠળ આ સ્નેહમિલન યોજાઈ રહ્યું છે, જેમાં ઉપસ્થિત રહેવા સૌ પૂર્વ વિદ્યાર્થીઓને કૉલેજ તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ફિનકૅર ફાઉન્ડેશન દ્વારા બાળદિનની ઉજવણી




ગાંધીનગર, તા. ૧૪

ફિનકૅર કમ્યુનિટી ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા દહેગામના હરસોલી, ડભોડા અને અન્ય ગામોમાં ૫૦થી વધુ વિદ્યાર્થીઓને બાળ દિવસ નિમિત્તે અભ્યાસ-સહાયક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સીઍસઆર મૅનેજર તેજસ જોશીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે બાળ દિવસની ઉજવણીના ભાગરૂપે તેમજ પ્રાથમિક શિક્ષણ એ બાળકો માટે અનિવાર્ય છે એવો સંદેશ ગામેગામ ફેલાય તે હેતુસર આ કાર્યક્રમનું આયોજન ફાઉન્ડેશન દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત સ્કૂલબેગ અને અભ્યાસ માટે જરૂરી સ્ટેશનરીનું વિતરણ વિદ્યાર્થીઓને ડિવઝનલ મેનેજર વિશાલ સોલંકી અને ભરતભાઈ ભવાનીના હસ્તો કરવામાં આવ્યું હતું.

## રવિવારે અમદાવાદમાં સાહિત્યિક વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૧૪

ઓમ કૉમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે તારીખઃ૧૮ નવેમ્બર ૨૦૧૮,રવિવારના રોજ,સાંજે ૫-૩૦ કલાકે, આત્મા હોલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે નાટ્યકાર, વાર્તાકાર, નવલકથાકાર, અનુવાદક જ્યંતિ ઘેલાભાઈ દલાલના ૧૧૦મા જન્મદિનપ્રસંગે સાહિત્યિક વ્યાખ્યાન'પાદરનાં તીરથ'નું આયોજન કરવામાં આવ્યું છે.

સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા ભૂમિકા રજૂ કરશે. જયંતિ દલાલના જીવન વિશે શ્રી દ્રષ્ટિ પટેલ,જ્યંતિ દલાલના નાટકો વિશે જાણીતા નાટ્યકારશ્રી કપિલદેવ શુક્લ અને જયંતિ દલાલની વાર્તાઓ તેમજ નવલકથાઓ વિશે સાહિત્યકારશ્રી મણિલાલ હ.પટેલ વક્તવ્ય આપશે.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક'શ્વેત દ્વારા કરાશે. આ કાર્યક્રમને માણવા માટે કોઈ પ્રવેશ ફી રાખવામાં આવી નથી, સૌ સાહિત્યરસિકોને આ કાર્યક્રમ માણવા માટે ઈજન પાઠવવામાં આવ્યું છે.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી., એસ.જી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના શિક્ષકો, ક્લાર્ક તેમજ સેવકભાઈઓએ અમદાવાદમાં પ્લેઝર ક્લબ ખાતે પીકનીક માણી હતી.અહીં સૌએ વિવિધ પ્રકારની રાઈડ, ડિસ્કો તેમજ સ્વિમિંગ પુલની મઝા માણી હતી.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ ૨૫મો મણકો ॥**

આ ઘટના હતી ૧૯૧૩ની અને કસ્તૂરબાનું અવસાન થયું ૧૯૪૪માં. પણ એમણે દેહ છોડ્યો ત્યારે એ જેલમાં હતા. ત્યારે એમને પૂનાની આગાખાન જેલમાં કેદ રાખવામાં આવ્યા હતા. એમના મરણ પછી ગાંધીજી બોલ્યા હતા, 'આ ખરેખર જગદંબા હતી.' ભલે વર્ષો પછી, પણ ગાંધીજીએ કહ્યું હતું એમ એમણે જેલમાં પ્રાણ છોડ્યા.

૧૯૧૩-૧૪નો સત્યાગ્રહ એ દક્ષિણ આફ્રિકાનો છેલ્લો અને સૌથી મોટો સત્યાગ્રહ હતો. એનો હેતુ બે અન્યાયી બાબતોનો વિરોધ કરવાનો હતો : એક તો અન્યાયી લગ્નના કાયદાનો અને બીજો ૩ પાઉન્ડના કરનો. દક્ષિણ આફ્રિકામાં કામ કરતા દરેક બહારના દેશવાસીએ આ ૩ પાઉન્ડનો કર આપવાનો હતો.



સત્યાગ્રહ શરૂ કરતાં પહેલાં ગાંધીજીએ પત્ર લખીને ગોખલેજીની સલાહ પણ લીધી હતી. ગોખલેજીએ સામે પૂછ્યું હતું, 'તમારી પાસે કેટલા સત્યાગ્રહીઓ છે ?' ગાંધીજીએ જણાવ્યું હતું, 'ઓછામાં ઓછા ૧૬ અને વધુમાં વધુ ૬૦-૬૫.' કસ્તૂરબા જેલમાં જવા તૈયાર થયા તો તેમની સાથે આશ્રમનાં ત્રણ બહેનો પણ તૈયાર થયાં અને બીજા બાર આશ્રમવાસીઓ પણ તૈયાર થયા. આ કારણે ગાંધીજીએ કહ્યું કે 'ઓછામાં ઓછા સોળ.' પણ હકીકતે ગાંધીજીને સમર્થન મળ્યું હતું ત્રણથી પાંચ હજાર સમર્થકોનું અને આ બંને કાયદાઓ રદ કરાવવામાં તેઓ સફળ રહ્યા હતા.

150 ગાંધીયાત્રા

દક્ષિણ આફ્રિકાનો આ પહેલો વ્યાપક સફળ સત્યાગ્રહ, જેની શરૂઆત એક મહિલાએ કરી હતી - કસ્તૂરબાએ કરી હતી. મહાત્મા ગાંધી તો બહુ પછીથી જેલમાં ગયા હતા, પણ સૌપ્રથમ કસ્તૂરબા તેમના ૧૫ સાથીઓ સાથે જેલમાં ગયા હતા. એમના જેલમાં જવાના સમાચાર કેટલાક સાંભ્રત બહેનો સુધી પહોંચી ને એમને થયું કે આપણેય કંઈક કરવું જોઈએ. કસ્તૂરબા જેલમાં જાય તો આપણેય જવું જોઈએ.

એ વખતે દક્ષિણ આફ્રિકાના ચાર મુખ્ય દેશોમાં બહારથી આવનારે પરમિટ લેવી પડતી, અત્યારના વિઝાની માફક. કસ્તૂરબાએ સાથીઓ સાથે નાતાલથી ટ્રાન્સવલ પરમિટ વિના પ્રવેશ કર્યો ને સરકારે તેમને પકડ્યા હતા કારણ કે તેમણે અગાઉથી પત્ર લખીને સરકારને આ બાબતની જાણ કરી હતી.


આ બહેનોએ પણ એમ જ કર્યું. તેઓ ટ્રાન્સવલથી નાતાલ આવ્યા પરમિટ વિના. પણ તેમને પકડવામાં આવ્યા નહીં. તેથી આ બહેનોને એમ થયું કે નાતાલ આવી તો ગયા, પણ હવે કંઈક કરવું તો ખરું. 'શું કરવું ?' એ સવાલમાંથી જવાબ જડ્યો કે અહીં વસતા ગિરમિટીયાઓને મળવું ને તેમને વાત કરવી. આ 'ગિરમિટીયા' શબ્દ એગ્રીમેન્ટ (ગિરમીટ, પરવાનો) પરથી આવ્યો હતો. દક્ષિણ આફ્રિકામાં વસતા મોટા માણસો ત્યારે પોતાને ત્યાં કામ કરાવવા માટે બહારના દેશોમાંથી માણસો લાવતા. ત્યાં રહેવા ને કામ કરવા તેમની સાથે એગ્રીમેન્ટ કરવામાં આવતો, એથી તેઓ ગિરમિટીયા તરીકે ઓળખાયા. એમાં મલેશિયા ને ચીન જેવા દેશોના માણસો પણ હતા પણ સૌથી વધારે હતા ભારતીયો. કારણ કે અન્ય દેશોના માણસો ત્યાં ટકી શકતા નહીં અને ભારતીયો ટકી જતા. આ ગિરમિટીયાઓમાં મોટાભાગે ગિરમિટીયાઓ ગોરા માલિકોના ખેતરોમાં કામ કરતા હતા ને બીજા અન્ય કામોમાં રોકાયેલા હતા. એમાં જ્હોનિસબર્ગની ખાણોમાં કામ કરનારા પણ ખરા.

જ્હોનિસબર્ગ એ સંપત્તિવાન શહેર હતું. તેની આસપાસ ખાણો બહુ, જેમાં ભારતથી આવેલા મજૂરો કામ કરતા. આ બહેનોએ એ મજૂરોને મળવાનું નક્કી કર્યું ને ત્યાં પહોંચ્યા. આ એ પહેલી ઘટના હતી જ્યારે કોઈ ઉજલાં વસ્ત્રો પહેરનારા વ્યક્તિઓ ખાણમાં કામ કરતાં મજૂરોને મળવા આવ્યા હતા અને એ પણ સ્ત્રીઓ ! મજૂરો તો મોઢું વકાસીને જોઈ જ રહ્યા હતા. તેમને વધારે આશ્ચર્ય તો ત્યારે થયું જ્યારે આ મહિલાઓએ તેમની સાથે તેલુગુમાં વાત કરી, તમિલમાં વાત કરી. મજૂરો સાથે મહિલાઓએ તેમની ભાષામાં જ વાત કરી ને જણાવ્યું કે 'ગાંધીજીએ તમારી ખાતર સત્યાગ્રહ શરૂ કર્યો છે.'

'અમારી ખાતર ? એ કેવી રીતે ?'

'સરકારના કાયદા મુજબ હવે દરેકે ત્રણ પાઉન્ડનો કર આપવો પડશે.'

'ત્રણ પાઉન્ડ ? તો તો અમારી પાસે કંઈ બચશે જ નહીં.' (ક્રમશઃ)



**સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'**
**કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ**